# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૨૪-૦૯-૨૦૨૪ મંગળવાર                    સમય : સાંજે ૦૬:૨૫ કલાકે

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29મી સપ્ટેમ્બર, રવિવારે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે.

મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ 114મો એપિસોડ હશે. આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો. આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ પર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરત બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

- (RNU અમદાવાદ)

---

## બોર્ડ ચૂંટણી:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના સભ્ય બનવા માટેની ચૂંટણી આજે યોજાઈ.. આ ચૂંટણી માટે રાજ્યભરમાં કુલ 58 બૂથ પર મતદાન થયું અને આ ગામી ગુરૂવારે મતગણતરી યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે વિવિધ શ્રેણીની નવ બેઠક માટે સભ્યની ચૂંટણી કરવાની હોય છે, પણ આમાંથી 6 બેઠક બિનહરીફ જાહેર થઈ છે. જ્યારે એક બેઠક માટે કોઈ આવેદન ન ભરાતા તેની પર ચૂંટણી નહીં થાય. અન્ય 2 બેઠક પર ચૂંટણી યોજા ઇ રહી છે. આમાંથી એક બેઠક સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકના પ્રતિનિધિ માટેની છે. જ્યારે બીજી બેઠક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલકોના પ્રતિનિધિની છે.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લા સેવા સેતુ:

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની અલગ અલગ બાવન જેટલી સેવાઓ એક જગ્યાએ નાગરિકોને મળી રહે એવા આશય સાથે સમગ્ર રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં પણ સેવા સેતુ

કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે

ભચાઉ તાલુકામાં અમરાપર ખાતે પ્રાથમિક શાળામાં આગામી પહેલી ઓક્ટોબરે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જયારે પંદરમી ઓક્ટોબરે ભચાઉ તાલુકાના વાંઢીયા ગામમાં પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવા સેતુ કાર્યક્રમો સવારના નવ થી સાંજના ૫ વાગ્યા સુધી યોજાશે જેનો સંબંધિત વિસ્તારના નાગરિકોએ લાભ લેવા જણાવાયું છે.

- (માહિતી ખાતુ, ભુજ)

-----------------------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા:

કચ્છ સહિત રાજ્યભરમાં ‘સ્વચ્છતા હી સેવા – ૨૦૨૪’ અભિયાન ચાલી રહ્યું છે. જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ દ્વારા નાગરિકોને સ્વચ્છતા રાખવા તેમજ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને અન્ય નાગરિકોને પ્રેરણા આપવા માટે વિવિધ જનજાગૃત્તિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. લોકો સ્વચ્છાગ્રહી બને તે માટે માંડવી નગરપાલિકાના આયોજન અંતર્ગત સખી મંડળની બહેનોએ સ્લમ વિસ્તાર સહિતના વિસ્તારોમાં ઘરે ઘરે જઈને સ્વચ્છતા જાળવવા અંગેનો સંદેશ આપ્યો હતો. સખી મંડળની બહેનોએ હ્યુમન ચેઈન બનાવીને લોકોને એકજૂટ થઈને સ્વચ્છતાના મહાઅભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે , ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ‘સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪’ અભિયાનને રાજ્યભરમાંથી વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે.

- (માહિતી ખાતુ, ભુજ)

-----------------------------------------------------------------------------------

## મોટા યક્ષનો મેળો:

મિની તરણેતરની ઉપમા મળી છે એવા કચ્છના સૌથી મોટા એવા મોટા યક્ષના મેળાની મોજ બે દિવસમાં ચાર લાખ લોકોએ માણી છે. ચાલુ વર્ષે વરસાદનો અવરોધ ન નડતાં ન માત્ર કચ્છ બલ્કે ગુજરાતના અન્ય જિલ્લામાંથી મેળાની મોજ માણવા લોકો પહોંચ્યા છે.

આજે મેળાના ત્રીજા દિવસે બખ મલાખડો યોજાયો હતો, જેમાં કચ્છ બહારના મલ્લીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને મેળા સમિતિ દ્વારા રોકડ પુરસ્કાર અપાયા હતા. મેળો પૂરો થયા બાદ આ મેદાનની સ્વચ્છતા ઝુંબેશ યોજાશે.

- (NP, જાગૃતિ વકીલ)

-----------------------------------------------------------------------------------

## માતાના મઢ-નવરાત્રીની તૈયારી:

આગામી નવરાત્રી દરમિયાન માતાનામઢ ખાતે આશાપુરા માતાજીના ચરણોમાં શીશ ઝૂકાવવા માટે મોટી સંખ્યામાં માઈ ભક્તો આવશે તેમને જરૂર મુજબની સારવાર મળે તે હેતુથી સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં વધુ દવાનો જથ્થો આવી પહોંચ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા બીજી ઓક્ટોબરથી દવાખાનાની સાથે અલાયદી સુવિધા પણ ઉભી કરવામાં આવશે.

અહીં આવનારા યાત્રિકોને કોઈ અગવડ ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા આગોતરી તૈયારીઓનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. વીજ તંત્ર , એસટી વિભાગ, પાણી પુરવઠા કચેરી સહિતના અલગ અલગ વિભાગો સાથે આરોગ્ય વિભાગ દ્વારા પણ અહીં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં ચાલી રહેલી વાયરસની ગંભીર બીમારી વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા તકેદારી રાખવામાં આવી છે. જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ બીજી ઓક્ટોબરથી વધારાની મંડપ છાવણી પણ શરૂ કરવામાં આવશે . તેમજ જિલ્લા અને તાલુકા કક્ષા એથી વધારાનો આરોગ્ય સ્ટાફની સાથે એમ્બ્યુલન્સ પણ મૂકવામાં આવશે.

નવરાત્રી દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ખાણી પીણીના સ્ટોલોમાં સઘન ચેકિંગ હાથ ધરાશે. પાણી ક્લોરિનેશનની કામગીરી સાથે ગામમાં ફોગિંગનું કા ર્ય પણ એક બે દિવસમાં હાથ ધરાશે..

- (NP, જાગૃતિ વકીલ)

---

## મુન્દ્રા-રાધિકા ઉપવન:

મુંદરા તાલુકા ના ભુજપુર-કારાઘોઘા રોડ પર આ વતી કાલે મુંદરા સામાજિક વનીકરણ રેન્જ, ભુજપુર જૂથ ગ્રામ પંચાયત અને લોક ભાગીદારીથી સાકાર પામેલા 14 હજાર 400 વૃક્ષ સાથેના `રાધિકા ઉપવન ' તથા દાતાના સહયોગથી નિર્માણ પામેલા ડ્રીપ તેમજ સોલાર સિસ્ટમનું લોકાર્પણ કરાશે. હજુ આગામી સમયમાં વધુ દસેક ગામોમાં આવા વન નિર્માણનો ઉદ્દેશ છે.

- (NP, જાગૃતિ વકીલ)

---

## ગાંધીધામ-નવરાત્રી ઉજવણી બેઠક:

આગામી નવરાત્રીની ઉજવણી સંદર્ભે ગાંધીધામ, આદિપુર, કંડલા, અંજાર, રાપર અને ભચાઉ વિસ્તારના નવરાત્રી મંડળના હોદ્દેદારોની પોલીસ પ્રસાશન સાથે કાયદો અને વ્યવસ્થાના માર્ગદર્શન માટે તા. ૨૬ સપ્ટેમ્બરે ગાંધીધામ ખાતે એક મીટીંગનું આયોજન કરાયું

છે. જેમાં, આ વિસ્તારના નવરાત્રી મંડળના આયોજકો, પોલીસ પ્રસાશન, ચેમ્બર ઓફ કોમર્સ તથા સરકારી પ્રતિનિધિઓ જોડાશે.

- (NP, જાગૃતિ વકીલ)

---